શહેરનાં નાગરિકોને અત્યાધુનિક તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ વ્યાજબી દરે પૂરું પાડવા માટે શહેરનાં કેટલાંક શ્રેષ્ઠીજનો તથા હિતેચ્છુઓ સાથે મળી મેડીકલ કોલેજ, પેરામેડીકલ કોલેજો તથા હોસ્પિટલો શરૂ કરવાનો નિર્ણય કર્યો. એના માટે સાઉથ ગુજરાત મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ તા. ૧૫/૦૯/૧૯૯૮ નાં રોજ સ્થાપના કરી. જેનાં સ્થાપક ટ્રસ્ટીઓ શ્રી કાશીરામ રાણા, શ્રી ફકીરભાઈ ચૌહાણ, શ્રી સેવંતીભાઈ શાહ, શ્રી જયંતિભાઈ કબૂતરવાલા, શ્રી દિલીપભાઈ મારફતિયા, પૂર્વ ડીન કે.કે. ખન્ના ઉપરાંત હોદ્દાની રૂએ સુરતનાં કલેકટરશ્રી, યુનિવર્સિટીનાં કુલપતિશ્રી, સિવિલ હોસ્પિટલ સંલગ્ન મેડીકલ કોલેજનાં ડીન શ્રી, સુરતનાં મેયરશ્રી, તથા મેડીકલ એસોસિએશનનાં પ્રમુખશ્રીની નિમણુંક કરવામાં આવી.

મેડીકલ કોલેજ શરૂ કરવાનાં ૧૯૯૮ નાં કાયદા મુજબ મેડીકલ કોલેજ ભાડાનાં મકાનમાં શરૂ કરી શકાતી અને એક કરતા વધુ હોસ્પિટલમાં મળીને ૩૦૦ બેડની હોસ્પિટલ સાથે જોડાણ હોવું જોઈએ. તેની વ્યવસ્થા કરવામાં આવી. ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગ તરફથી તા: ૦૧/૦૫/૧૯૯૮ નાં રોજ એસેન્શીયાલિટી સર્ટીફીકેટ મળ્યું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા: ૦૩/૧૦/૧૯૯૮ નાં રોજ "ના વાંધા" પ્રમાણપત્ર મળ્યું અને કેન્દ્ર સરકારમાં અરજી કરવામાં આવી. પરંતુ તે દરમિયાન ૧૯૯૯ માં મેડીકલ કોલેજ શરૂ કરવાનાં કાયદાઓની જોગવાઈઓમાં ધડમૂળથી ફેરફારો કરવામાં આવ્યા. ટ્રસ્ટ પાસે ૨૫ એકર માલિકીની જમીન હોવી જોઈએ. પ્રક્રિયા અટકી પડી. ૨૫ એકર જમીનની શોધમાં નીકળી પડ્યા. ત્રણેક જમીનો જોઈ પરંતુ મેળ ન પડ્યો. આખરે કેન્દ્રીય કેબિનેટ મંત્રીશ્રી કાશીરામ રાણા તથા ગુજરાત સરકારનાં કેબિનેટ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલને વિનંતિ સાથે રજૂઆત કરી. તેઓએ ગુજરાત હાઉસીંગ બોર્ડની ૪૨ એકર જમીન તા: ૧૧/૦૬/૨૦૦૧ થી ૯૯ વર્ષનાં ભાડાપટ્ટે આપી. અમે આગળ વધ્યા. મેડીકલ કોલેજ શરૂ કરવાની શરૂઆત કરી અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે પ્લાન મંજૂર કરાવ્યો. તા: ૦૭/૦૧/૨૦૦૪નાં રોજ **માનનીયશ્રી લાલકૃષ્ણ અડવાણી** તથા **તત્કાલીન મુખ્યમંત્રી અને આજનાં અભૂતપૂર્વ લોકપ્રિયતા ધરાવતા વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં** હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું. કામ ધમધોકાર ચાલવા માંડ્યું. મેડીકલ કોલેજનાં A અને D બ્લોક બંધાયા. ૭૫૦ બેડની હોસ્પિટલનાં પાંચમાં ભાગનાં ગ્રાઉન્ડ ફ્લોર નું RCC વર્ક પૂરું થયું.પરંતુ જમીનનાં મૂળ ખેડૂતો દ્વારા વિવિધ અદાલતોમાં ચાલતા દાવાઓથી ૨૦૧૬ સુધી બાંધકામ અટવાઈ ગયું. વચગાળાનાં સમયમાં હોસ્ટેલનું બાંધકામ થયું.

૨૦૦૮ માં કેટલાંક ટ્રસ્ટીઓને એવો વિચાર આવ્યા કે, ટ્રસ્ટનાં નામમાં "રિસર્ચ" શબ્દ ઉમેરવામા આવે તો દાતાઓ તરફથી સરળતાથી દાન મળે. આથી સી.એ. નો સંપર્ક કર્યો. તેઓએ જણાવ્યું કે તમારા ટ્રસ્ટનાં નામમાં " રિસર્ચ" શબ્દનો સમાવેશ કરવો જોઈએ. જોઈન્ટ ચેરીટી કમિશ્નરમાં અરજી કરી. સ્કીમ મૂકી. વધારાનાં ચાર ટ્રસ્ટી ડૉ. ગિરીશભાઈ શાહ, લોકસભાનાં સાંસદ શ્રી માનસિંહભાઈ પટેલ, વિજયભાઈ રાણા તથા ઉધોગપતિશ્રી વસંતભાઈ ગજેરાનો સમાવેશ કરી ટ્રસ્ટનું નામ "સાઉથ ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર" કરી પરવાનગી મેળવી.

આખરે થયેલા બાંધકામમાં ૨૦૦૫-૦૬ થી ૩૦ બેઠકોની પ્રવેશક્ષમતા સાથે એસપીબી ફીઝિયોથેરાપી કોલેજ અને ૩૦ બેડની હોસ્પિટલ શરૂ કરી. ફીઝિયોથેરાપી કોલેજમાં તા: ૧૬/૧૦/૨૦૦૮ માં ૫૦ બેઠકની પ્રવેશક્ષમતા, તા: ૨૨/૦૯/૨૦૧૫ માં ૭૫ બેઠકની પ્રવેશક્ષમતા અને ૨૫/૧૦/૨૦૧૬ માં ૧૦૦ બેઠકની પ્રવેશક્ષમતા પ્રાપ્ત થઈ. તા. ૨૦/૦૬/૨૦૧૫ ના રોજ એમ.પી.ટી. ૬

બેઠકોની પ્રવેશક્ષમતા તથા ૦૯/૦૭/૨૦૨૦ ના રોજ ૨૧ બેઠકોની પ્રવેશક્ષમતા પ્રાપ્ત થઈ. EWS યોજના હેઠળ ૧૮ બેઠકો વધુ પ્રાપ્ત થતાં બી.પી.ટી. માં ૧૧૮ તેમજ એમ.પી.ટી. માં ૨૪ વિદ્યાર્થીઓની પ્રવેશક્ષમતા થઈ. કેટલાય વર્ષોથી ગુજરાતની અગ્રગણ્ય કોલેજ બની ગઈ છે. લગભગ ૩૦ થી ૪૦% બેઠકો ફીઝિયોથેરાપી કોલેજોમાં ભરાતી નથી એવા સમયે એસપીબી ફીઝિયોથેરાપી કોલેજમાં દર વર્ષે બધી બેઠકો ભરાઈ જાય છે.

તા. ૨૮/૧૧/૨૦૦૫ ના રોજ Secretary, Minister of Health & Family welfare, Delhi ને ૧૦૦ બેઠકોવાળી ડેન્ટલ કોલેજ શરૂ કરવા માટે રૂ. ૨,૦૦,૦૦૦/- નાં ડ્રાફ્ટ સાથે **Dental Council Of India** ને અરજી કરવામાં આવી. ૨૫/૦૯/૨૦૦૭ એ **Dental Council Of India** ને મંજૂરી માટે રૂ. ૩,૦૦,૦૦૦/- નાં ડ્રાફ્ટ સાથે અરજી કરવામાં આવી. તે દરમિયાન **Dental Council Of India** એ તેઓનાં નિયમમાં ફેરફાર થતાં ડેન્ટલ કોલેજ મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

૨૦૦૫ માં ડેન્ટલ કોલેજ શરૂ કરવા માટે **Dental Council Of India** નાં નિયમ મુજબ ૨૫ ડેન્ટલ ચેર અને ૧૦૦ દર્દીની ઓ.પી.ડી. હોવી જોઇએ તે મુજબ અમોએ ડેન્ટલ ઓ.પી.ડી. શરૂ કરી. ભાવ એવી રીતે નક્કી કરવામાં આવ્યા કે કોઈપણ જાતનાં નફા વગર એટલે કે, સામાન્ય ડેન્ટીસ્ટ કરતા ૬૦% નાં રાહત દરે સેવા ચાલુ કરી. આજની તારીખમાં પણ ડેન્ટલ ઓ.પી.ડી. માં દૈનિક લગભગ ૫૦ કરતા વધુ પેશન્ટ સારવાર લઈ રહ્યા છે.

વધુમાં ૨૦૦૫ માં જ જનરલ ઓ.પી.ડી. જેમાં દવા અને ઇંજેકશન નિ:શુલ્ક શરૂ કરવામાં આવ્યા તેમાં ૫૦ થી ૬૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

૨૦૦૪ માં ભૂમિપૂજન થયા બાદ પ્રજામાં ટ્રસ્ટનું નામ સમાજમાં ગાજતું થાય તે માટે મેગા મેડીકલ કેમ્પ યોજવાનું નક્કી કર્યું. તમામ બ્રાંચનાં ડૉકટરોની સેવા લેવામાં આવી. તેઓએ દર્દીઓને તપાસીને જે દવા લખી આપી તે દવા ૧ અઠવાડિયાની મફત આપવામાં આવી. આંખનાં ડૉકટરોની પણ સગવડ હતી. તેઓ દર્દીનાં આંખનાં નંબર શોધીને આપતા તે મુજબ લગભગ ૮૦૦ જેટલા દર્દીઓને ચશ્મા આપવામાં આવ્યા. આ મેગા મેડીકલ શિબિરમાં ગરીબ અને ઝુંપડપટ્ટીનાં દર્દીઓની સુવિધા માટે તેમના વિસ્તારમાં બસો મૂકવામાં આવી અને લગભગ ૫૦૦૦ જેટલા દર્દીઓએ ભાગ લીધો. આવા જ મેગા મેડીકલ કેમ્પ ૨૦૦૬ અને ૨૦૦૮માં કરવામાં આવ્યા.

અલગ અલગ વિસ્તારનાં અનેક મેડીકલ કેમ્પ કરવામાં આવ્યા.આ ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પ , ફીઝિયોથેરાપી તથા બોન ડેનસીટી કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું. આમ, સેવાની પ્રવૃત્તિ સતત ચાલુ રાખવામાં આવી.

સ્થાપક પ્રમુખશ્રી કાશીરામ રાણાનાં અવસાન પછી પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી દીપકભાઈ રાણા અને શ્રી સુનિલભાઈ જરીવાલાની ટ્રસ્ટી તરીકે નિમણુંક કરવામાં આવી.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી વાત્સલ્ય નર્સિંગ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટયુટ નામની નર્સિંગ કોલેજની શરૂઆત કરવામાં આવી. સરકારશ્રી તરફથી B.Sc. Nursing ની ૪૦ બેઠકની પ્રવેશક્ષમતા અને GNM ની ૪૦ બેઠકની પ્રવેશક્ષમતા સાથે શરૂ થઈ. તેનું ઉદઘાટન **ભારતીય જનતા પાર્ટીનાં પ્રદેશ પ્રમુખ માનનીયશ્રી સી.આર.પાટીલ** દ્વારા કરવામાં આવ્યું. આજે પણ આ કોલેજ સારી રીતે ચાલે છે.

તા: ૧૯/૦૮/૨૦૨૩ નાં રોજ ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રેસિડેન્ટશ્રી ભાણજીભાઈ પટેલનાં પ્રમુખપદે તથા ઉદઘાટકશ્રી દામોદરભાઈ પટેલ (કચ્છી) તથા અતિથિ વિશેષ શ્રી હરિભાઈ પટેલની ઉપસ્થિતિમાં અગાઉથી કાર્યરત એવા ડે કેર સેન્ટરને વધુ આધુનિક સુવિધા ધરાવતા **વાત્સલ્ય ડે કેર હેલ્થ સેન્ટર**નું ઉદઘાટન કરવામાં આવ્યું આ ડે કેર હેલ્થ સેન્ટરમાં દરરોજ નિષ્ણાંત ડૉકટરોની ઓ.પી.ડી. ઉપરાંત કોઈકને પ્રાથમિક સારવારની જરૂર હોય તેને પ્રાથમિક સારવાર પણ આપવામાં આવે છે.આ નિષ્ણાંત ડોકટરોની કન્સલ્ટીંગ ફી માત્ર રૂ.૧૦૦/- જ રાખવામાં આવી છે. તેમજ રાહત દરથી મેડીસીન અને સારવાર આપવામાં આવે છે. અને એ પણ હાલમાં ખૂબ સારી રીતે ચાલે છે.

પાલ – ભેંસાણ ગૌરવપથનાં નવા વિસ્તારની મધ્યમાં તથા હજીરા ઉદ્યોગોની ખૂબ જ નજીક એવા આપણાં સંકુલમાં હાલમાં ૧૨૦ બેડની વાત્સલ્ય મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલનું બાંધકામ પૂર્ણતાને આરે છે. જેમાં ૪ સ્પેશિયાલાઇઝેશનનાં વોર્ડ છે. જેમાં જનરલ મેડીસીન, સર્જીકલ વોર્ડ, ગાયનેકોલોજી વોર્ડ અને પિડીયાટ્રીક વોર્ડ છે. ૧૨ ઓ.પી.ડી. અને મેડીકલ સ્ટોરની સુવિધા તેમજ પેથોલોજી લેબ, એક્સ-રે, સોનોગ્રાફી, Semi Special Room, NICU Room, ICU Room, Baby warm Room, Emergency Room, Recovery Room અને Labour Room ની સુવિધાઓ છે.આ ઉપરાંત ૨ મેજર ઓપરેશન થિયેટર અને ૧ માઈનોર ઓપરેશન થિયેટર ની સુવિધા છે. આ હોસ્પિટલ ટૂંક સમયમાં શરૂ થશે. ત્યારબાદ CT SCAN અને MRI ની સગવડ પૂરી પાડવામાં આવશે.

**સમાપન**

૧. અમારી મંઝિલ છે , મેડિકલ કોલેજ, આયુર્વેદિક કોલેજ , હોમિયોપેથીક કોલેજ તથા ફાર્મસી કોલેજ. આના માટે અમારી પાસે પર્યાપ્ત જમીન છે. માત્ર જરૂર છે સેવાભાવિ દાતાઓની.

૨. હાલમાં કાર્યરત છે "SPB Physiotherapy college " જેમાં દર વર્ષે ૧૧૮ વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા સાથે Under graduate કોર્ષ (BPT) અને ૨૪ બેઠક સાથે post graduate કોર્ષ (MPT) કાર્યરત છે. અમારી ફીઝિયોથેરાપી કોલેજનાં ઘણાં બધા પ્રાધ્યાપકો પી.એચ.ડી. ગાઇડ છે. જેથી BPT, MPT તથા P.hd. સુધીનાં અભ્યાસની વ્યવસ્થા છે. ફીઝિયોથેરાપી કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તથા સ્ટાફ યુનિવર્સિટી, રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરની અનેક કોન્ફરન્સ, સેમિનાર, વર્કશોપ વિગેરેમાં અવારનવાર ભાગ લઇને પારિતોષિકો તેમજ પદકો મેળવેલ છે. સંશોધનાત્મક પ્રવૃત્તિઓને સમર્થન પૂરું પાડવા માટે ફીઝિયોથેરાપીનાં વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફને નવીનતમ તેમજ આધુનિક સાધન-સગવડો પૂરી પાડવામાં આવે છે જેનાં કારણે દરેક વર્ષે ૨૫ થી વધુ સંશોધનાત્મક લેખ તથા પ્રેઝન્ટેશન, વિવિધ રિસર્ચ જર્નલ્સ અને કોન્ફરન્સમાં રજૂ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૫ થી લઇ હાલ સુધીમાં વિદ્યાર્થીઓ, દર્દીઓ તેમજ સ્ટાફનું સંખ્યાબળ વધવાને અનુલક્ષીને કોલેજમાં જરૂરી તમામ સગવડો જેવી કે, વિશાળ ઓ.પી.ડી. પરિસર, વર્ગખંડો, પુસ્તકાલય, કોમન રૂમ, પ્રેક્ટિસ રૂમ, સ્ટાફ રૂમ વગેરે વિકસાવવામાં આવ્યા છે. ફીઝિયોથેરાપી ઓ.પી.ડી.માં પ્રતિદિન ૩૦૦ કરતાં વધુ દર્દીઓની મફત સારવાર આપવામાં આવે છે. વિદ્યાર્થીઓની તાલીમ અને સંશોધન માટે અત્યાધુનિક સાધનો જેવા કે, લેસર થેરાપી, ઈલેક્ટ્રો ડાયગ્નોસિસ મશીન, સેન્સામૂવ, રોબોટિક ગ્લવ, વિગેરેની સગવડ ઉપલબ્ધ છે. ઈન્ટરનેટ, લાઈબ્રેરીની સુવિધા સહિત. પુસ્તકાલયમા ૩૫૦૦ કરતાં વધુ પુસ્તકો; નેશનલ તેમજ ઈન્ટરનેશનલ જર્નલ્સ, મેગેઝિન્સ વગેરે વિદ્યાર્થીઓના શૈક્ષણિક સફરને પ્રવેગિત કરવા માટે રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓએ પણ કોલેજમાં પૂરી પાડવામાં આવતી સગવડોનો પૂરેપૂરો લાભ લઇ, શિક્ષકોનાં સચોટ માર્ગદર્શનને કારણે દરેક વર્ષે યુનિવર્સિટી કક્ષાએ સતત સારું પ્રદર્શન કરતા આવ્યા છીએ.

ફીઝિયોથેરાપી કોલેજનાં નેજા હેઠળ વર્ષોવર્ષ વિદ્યાર્થીઓ તથા સામાન્ય જનતાનાં લાભાન્વયે નિ:શુલ્ક ફીઝિયોથેરાપી નિદાન અને સારવાર શિબિરોનું આયોજન વિવિધ શહેરી તથા ગ્રામીણ વિસ્તારોમાં કરવામાં આવે છે. આ ઉપરાંત ટ્રાફિક અવેરનેસ, મતદાર જાગૃતિ અભિયાન, સ્ત્રી સશક્તિકરણ તથા સેલ્ફ – ડિફેન્સ, એઈડ્સ અવેરનેસ, હૃદય રોગ જાગૃતતા, સ્વચ્છતા, અભિયાન વગેરેને લગતા સામાજિક જાગૃતિ અંગેનાં કાર્યક્રમો પણ અવારનવાર વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણો દ્વારા યોજવામાં આવે છે.

૩. "વાત્સલ્ય નર્સિંગ કૉલેજ અને રીસર્ચ ઇન્સટિટ્યૂટ" ની ૪૦ બેઠક ની પ્રવેશ ક્ષમતા સાથે BSC Nursing (under graduate) અને GNM ૪૦ બેઠક સાથે કાર્યરત છે. નર્સિંગનું ગુણવત્તાયુકત શિક્ષણ આપવા માટે અનુભવી શિક્ષકો, અદ્યતન લેબોરેટરી, ઈન્ટરનેટની સુવિધા સાથે પુસ્તકાલય, કોમ્પ્યુટર લેબ અને વર્ગદીઠ એડવાન્સ ટેક્નોલોજી યુક્ત પ્રોજેકટરની સુવિધાઓ આપવામાં આવે છે. નર્સિંગ કોર્સમાં આવતા તમામ સ્પેશિયાલીટીના વિષયો જેમકે,

મેડીકલ સર્જીકલ નર્સિંગ, કોમ્યુનીટી હેલ્થ નર્સિંગ, મેન્ટલ હેલ્થ નર્સિંગ, પિડીયાટ્રીક નર્સિંગ અને મિડવાઈફરી નર્સિંગનાં અનુસ્નાતક અને અનુભવી શિક્ષકો કાર્યરત છે. વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ અનુભવ માટે શહેરની જાણીતી એવી નવી સિવિલ હોસ્પિટલ, એપલ મૈત્રેયા મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ, યુનિક હોસ્પિટલ, શેઠ પી.ટી. હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સાંધિયેર અને કોમ્યુનીટી હેલ્થ સેન્ટર, સાયણમાં મોકલવામાં આવે છે. કોલેજથી હોસ્પિટલ અને કોમ્યુનીટી હેલ્થ સેન્ટરમાં લઈ જવા માટે બસની સુવિધા પણ ઉપલબ્ધ છે.

૪. વિદ્યાર્થીઓની રહેવા માટેની આધુનિક સગવડતા સાથેની હોસ્ટેલની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે.

૫. ૧૨૦ દર્દીઓની ક્ષમતા ધરાવતી "વાત્સલ્ય મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ" નું બાંધકામ પૂર્ણતાનાં આરે છે .

૬. પ્રતિદિન 300 કરતાં વધુના Physiotherapy વિભાગ નાં દર્દીઓની મફત સારવાર આપવામાં આવે છે .

૭. ડેન્ટલ OPD માં ૬૦% રાહત દરે પ્રતિદિન ૫૦ કરતા વધુ દર્દીઓની સારવાર આપવામાં આવે છે.

૮. જનરલ OPD માં પ્રતિદિન ૫૦ જેટલા દર્દીઓને સિનિયર ડોકટર દ્વારા દવા તથા ઇન્જેક્શન સાથેની મફત સારવાર આપવામાં આવે છે .

૯. "વાત્સલ્ય ડે કેર હેલ્થ સેન્ટર" માં માત્ર રૂ. ૧૦૦/- કન્સલ્ટિંગ ફીમાં નિષ્ણાંત ડોકટરો દ્વારા તપાસ સાથેની સુવિધા ઉપલબ્ધ છે.

૧૦. વિદ્યાર્થી અને સ્ટાફ માટે નાસ્તા તથા ભોજન માટે કેન્ટીનની સુવિધા ઉપલબ્ધ છે .

**અંતમાં**

**<u>માર્ચ ૨૦૨૪ સુધી કરેલી સેવાઓ આંકડામાં જે આજે પણ કાર્યરત છે .</u>**

૧. અમોએ જૂન ૨૦૧૫ થી ફીઝિયોથેરાપી વિભાગમાં સારવાર નિઃશુલ્ક કરેલ છે. જેનો લાભ દરરોજનાં ૩૦૦ કરતાં વધુ દર્દીઓ લઈ રહ્યાં છે. જો પ્રત્યેક દર્દીના રૂ. ૨૦૦/- લેખે ગણીએ તો પ્રતિદિન રૂ.60,000/- ને વર્ષના ૩૦૦ દિવસના ગણવામાં આવે તો વાર્ષિક રૂ.૧,૮૦,૦૦,૦૦૦ થાય. જૂન - ૨૦૧૫ થી માર્ચ ૨૦૨૪ કુલ ૮ વર્ષ ૯ માસનાં રૂ.૧૫.૭૫,૦૦,૦૦૦/- નાં આર્થિક મૂલ્યની સારવાર સમાજને અમોએ સમર્પિત કરી છે.

૨. ડેન્ટલ ઓ.પી.ડી.માં સામાન્ય ડેન્ટીસ્ટ કરતા લગભગ ૬૦% ના રાહત દરથી સારવાર આપવામાં આવે છે.૨૦૦૭-૦૮ થી ડેન્ટલ ઓ.પી.ડી. થી. અત્યાર સુધી એટલે કે, માર્ચ ૨૦૨૪ સુધીની કુલ આવક રૂ. ૩,૯૪,૩૯,૫૨૦/- થઈ છે. દર્દીઓને ૬૦% ની રાહત આપી એ રીતે ગણવામાં આવે તો રૂ.૫,૯૧,૫૯,૨૮૦/- ની રાહત અમોએ સમાજને સમર્પિત કરી શક્યા છીએ.

૩. જનરલ ઓ.પી.ડી.માં દરરોજ ૫૦ થી ૬૦ દર્દી આવે છે તેને નિ:શુલ્ક સારવાર આપવામાં આવે છે. કેસ ફી પણ લેવામાં આવતી નથી. નિષ્ણાંત ડોકટર દ્વારા તપાસવું, દવા - ઈન્જેકશન વિગેરે નિ શુલ્ક આપવામાં આવે છે. ૧ દર્દીના રોજના રૂ. ૧૦૦/- ગણીએ તો રોજના રૂ. ૫૦૦૦/- થાય. એક વર્ષના 300 દિવસ લેખે રૂ.૧૫,૦૦,૦૦૦/- થાય આ ઓ.પી.ડી. સને ૨૦૦૪ થી ચાલુ કરવામાં આવી હતી. અત્યાર સુધી એટલે કે, માર્ચ -૨૦૨૪ સુધી પણ ગણીએ તો ૨૦ વર્ષ લેખે અત્યાર સુધીની કુલ રકમ રૂ.૩,૦૦,૦૦,000/- થાય.આ રકમ અમોએ સમાજને અર્પિત કરી શક્યા છીએ

**આમ રાહત નં ૧ થી ૩ નો સરવાળો કરવામાં આવે તો રૂ. ૨૪,૬૬,૫૯,૨૮૦/- અંકે ચોવીસ કરોડ, છાંસઠ લાખ, ઓગણસાઠ હજાર, બસો એંસી રૂપિયાની સેવા અમોએ સમાજને સમર્પિત કરી છે**

ઉપરોક્ત હકીકત જોતાં અમો વિશ્વાસપૂર્વક કહી શકીએ કે, આમ માનવ સેવા એ જ પ્રભુસેવાનાં મંત્ર સાથે અમારા ચેરીટેબલ ટ્રસ્ટ સામાન્ય જન સુધી સેવા પહોંચાડવાનાં ઉદ્દેશો પરિપૂર્ણ કરી રહ્યા છે.

અસ્તુ.